# પેટ્રોલમાં ૨.૪૨ અને ડીઝલમાં ૨.૨૫નો ઘટાડો

અમદાવાદ, તા. ૨

પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં આજે ક્રમશઃ લીટરદીઠ ૨.૪૨ અને ૨.૨૫નો ઘટાડો કરવામાં આવ્યો હતો. આંતરરાષ્ટ્રીય તેલ કિંમતોમાં ઉલ્લેખનીય ઘટાડો થતાં લોકોને મોટી રાહત થઈ છે. આજના ઘટાડા સાથે ગુજરાતમાં વેટ સાથે આ ઘટાડો ૩.૦૨ રૂપિયા પેટ્રોલ ઉપર રહેશે. જ્યારે ડિઝલમાં ૨.૭૯નો ઘટાડો ગુજરાતમાં લાગૂ થશે. પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ઘટાડાની દૃષ્ટિએ જોવામાં આવે તો વેટ સાથે ઘટાડો અમદાવાદમાં ૫૮.૯૫ રૂપિયા થઈ ગઈ છે. ગુજરાતમાં ૩.૦૨ રૂપિયાનો ઘટાડો વેટ સાથે થયો છે. આવી જ રીતે ડિઝલમાં વેટ સાથે ઘટાડો ૨.૭૯ રૂપિયા થયો છે. આવી જ રીતે ડિઝલ સુરતમાં પેટ્રોલની કિંમત ૫૮.૮૪ થઈ છે. આવી જ રીતે ડિઝલની વાત કરવામાં આવે તો અમદાવાદમાં ડિઝલનો ભાવ વેટ સાથે ૫૦.૭૮ રૂપિયા થયો છે. તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકોને મોટી રાહત થઈ છે. નવા રેટ ચોથી ફેબ્રુઆરીથી અમલમાં આવશે. આંતરરાષ્ટ્રીય ક્રૂડની કિંમત બેરલદીઠ ૫૦ ડોલરથી નીચે પહોંચી ગઈ છે જેના પરિણામ સ્વરુપે ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ઘટાડો કરવાનો નિર્ણય કર્યો હતો. નવેસરના સુધારા મુજબ ગ્રાહકોને રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પેટ્રોલ માટે ૫૬.૪૯ રૂપિયા ચુકવવા પડશે. હાલમાં પેટ્રોલની કિંમત લીટરદીઠ ૫૮.૯૧ રૂપિયા છે જ્યારે ડિઝલની કિંમત ૪૮.૨૬ રૂપિયા છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના અધિકારીઓએ કહ્યું છે કે, વૈશ્વિક સ્તરે કિંમતોમાં ઘટાડાને ધ્યાનમાં લઈને આ નિર્ણય કરાયો છે. ૧૬મી જાન્યુઆરીના દિવસે પેટ્રોલની કિંમતમાં ૨.૪૨ અને ડિઝલની કિંમતમાં ૨.૨૫નો ઘટાડો કરાયો હતો. ૨૦૧૫ની શરૂઆત બાદથી ત્રીજી વખત ઘટાડો કરાયો છે. બંને ફ્યુઅલની કિંમતમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ઘટાડો થતાં સ્થિતિ રાહતવાળી બની છે. દિલ્હીમાં હવે પેટ્રોલની કિંમતમાં ૫૬.૪૯ રૂપિયા રહેશે. ડિઝલની કિંમતમાં આ વર્ષે બીજી વખત ઘટાડો કરાયો છે. આ વખતે જાન્યુઆરીમાં પેટ્રોલની કિંમતમાં ૨.૪૨ અને ડિઝલમાં ૨.૨૫ ઘટાડો થયો હતો. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડની કિંમત છ વર્ષની નીચી સપાટી ઉપર પહોંચી છે જેથી પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં આંતરરાષ્ટ્રીય બજારમાં ઘટાડો થઈ રહ્યો છે. ક્રૂડની કિંમત ૫૦ ડોલરથી પણ નીચે પહોંચી છે. સરકારે સંપૂર્ણ લાભ લોકોને આપવાના બદલે મહેસુલી આવક વધારા માટે પણ તેનો ઉપયોગ કર્યો છે જેના ભાગરુપે પેટ્રોલ અને ડિઝલ ઉપર એક્સાઈઝ ડ્યુટી વધારવામાં આવી છે.




# જે લોકો પાસે સ્વિસ બેંક ખાતાના નંબર છે તે લોકોને પોતાના નાણાના સોર્સની ખબર નથી : મોદી

## દિલ્હીમાં સ્થિર સરકાર માટે મત આપવા મોદીની લોકોને અપીલ

નવીદિલ્હી,તા. ૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે આક્રમક ચૂંટણી પ્રચાર કરતા એએપી અને કોંગ્રેસની જોરદાર ઝાટકણી કાઢી હતી અને સ્થિર સરકાર માટે ભાજપને મત આપવા મતદારોને અપીલ કરી હતી. મોદીએ આજે ખાસ રંગમાં દેખાયા હતા અને એએપીની જોરદાર ઝાટકણી કાઢી હતી. એએપીને કામચલાઉ પાર્ટી તરીકે ગણાવીને તેની નિંદા કરી હતી. દિલ્હીના લોકોને કિરણ બેદીના નેતૃત્વ હેઠળની સરકાર બને તે માટે મત ાપવા અપીલ કરી હતી. મોદીએ તેમના ભાષણના દિલ્હીના જનરેટર કેપિટલથી પાવર જનરેશન કેપિટલમાં ફેરવી નાંખવાની ખાતરી આપી હતી. રુફ ટુ પોલિસીની પણ ખાતરી આપી હતી. રાષ્ટ્રીય પાટનગરમાં સ્થિર વિજ પુરવઠાનો અંત લાવવાની પણ તેમણે વાત કરી હતી. મોદીએ કહ્યું હતું કે, દરેક ચૂંટણીમાં ખોટા વચનો આપીને ગરીબ લોકો સાથે છેતરપિંડી કરવામાં આવે છે. તમામ કોલોનીને સત્તાવાર બનાવવાનો નિર્ણય કરાયો છે. મોદીએ પ્રશ્ન કરતા કહ્યું હતું કે, ગેરકાયદે



કોલોનીમાં રહેતા લોકોને આરોગ્યની સુવિધા, પાકા આવાસ અને યોગ્ય શિક્ષણ મળે તે જરૂરી છે. અમે એ દિશામાં આગળ વધી રહ્યા છે જેમાં ભ્રષ્ટાચાર માટે કોઈ જગ્યા નથી. કેન્દ્ર સરકાર વટહુકમ કેમ લાવી રહી છે તેવા પ્રશ્ન થઈ રહ્યા છે પરંતુ આનો જવાબ એ છે કે, દેશમાં ઈ-રિક્શા ડ્રાઈવરોને મદદ મળે તેવો અમારો હેતુ છે. કેજરીવાલની પરોક્ષરીતે ઝાટકણી કાઢતા તેમણે કહ્યું હતું કે, મિ. ક્લિન તરીકે પોતાને ગણાવી રહેલા લોકો હવે ખુલ્લા પડી રહ્યા છે. પુર્વ વડાપ્રધાન રાજીવ ગાંધી પણ પોતાને મિ. ક્લિન તરીકે ગણાવતા હતા અને છેલ્લે ખુલ્લા પડી ગયા હતા. એએપી ઉપર આકરા પ્રહારો કરતા તેમણે કહ્યું હતું કે, સ્વિસ બેંકમાં કોના ખાતા છે તે અંગે માહિતી ધરાવનાર લોકો હવે કહી રહ્યા છે કે તેમને નાણા કોણ આપી રહ્યા છે તે અંગે માહિતી નથી. સ્વિસ બેંકમાં ખાતા કોના છે તેના નામ ખિસ્સામાં લઈને ફરતા લોકો હવે ખુલ્લા પડી ગયા છે. અમારા ટિકાકારો પાસે કોઈ મુદ્દા નથી. આ વખતે મિડિયા દ્વારા માતા-પુત્ર ઉપર ધ્યાન આપવામાં આવી રહ્યું નથી. કોંગ્રેસ મોટી પાર્ટી છે. છેલ્લા ૧૫ વર્ષથી દિલ્હીમાં તેનું શાસન હતું તેના કારણે દિલ્હીને નુકાસન થયું હતું. ત્યારબાદ એએપી આવી. તે નાની પાર્ટી હતી તે વધારે નુકસાન કરી શક્યું ન હતું. હવે ૧૬ વર્ષના નુકસાનમાંથી દિલ્હીથી બહાર કાઢવાનો સમય આવી ગયો છે. આમ આદમી પાર્ટીની મજાક કરતા મોદીએ આને કામચલાઉ પાર્ટી તરીકે ગણાવી હતી. દિલ્હીથી તેમને શક્તિ અને આશીર્વાદ મળ્યા છે. સામાન્ય ચૂંટણીમાં દિલ્હીમાં ભાજપને સાતમાંથી સાત બેઠક મળી હતી. દિલ્હીના લોકો આ વખતે પણ જીત આપવા ઈચ્છુક છે. નરેન્દ્ર મોદીએ અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે રોહિણીમાં ભાજપના ઉમેદવારો માટે મતની માંગ કરી હતી. મોદીએ પહેલી ફેબ્રુઆરીના દિવસે દ્વારકામાં રેલી કરી હતી તે પહેલા કરકાડુમામાં રેલી કરી હતી. ચોથી ફેબ્રુઆરીએ એટલે કે આવતીકાલે દક્ષિણ દિલ્હીમાં વધુ એક રેલી કરનાર છે.

## હવે બજેટ બાદ ૨૫-૫૦ બેઝિક પોઈન્ટનો ઘટાડો થવાના એંધાણ

મુંબઇ,તા. ૩

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ નાણાંકીય નીતિ સમીક્ષામાં ચાવીરુપ રેટ આજે યથાવત રાખ્યા હતા. એનો મતલબ એ થયો કે, આગામી પોલિસી સમીક્ષામાં આમાં ચોક્કસપણે ઘટાડો કરવામાં આવશે. નિષ્ણાતોનું કહેવું છે કે, સરકારના બજેટની સમીક્ષા કર્યા બાદ આરબીઆઈ તેમાં ઘટાડો કરશે. આ મહિનાના અંતે તેનું વાર્ષિક બજેટ રજૂ કરવામાં આવનાર છે. વ્યાજદરમાં ઘટાડો કરવાના બદલે આરબીઆઈએ એસએલઆરમાં ઘટાડો કર્યો છે. અર્થતંત્રમાં વધુ ક્રેડિટ બેંકો ઠાલવી શકે તે માટે પગલા લેવામાં આવ્યા છે. નિષ્ણાતોનું કહેવું છે કે, બજેટ બાદ ૨૫થી ૫૦ બેઝિક પોઇન્ટનો ઘટાડો કરવામાં આવી શકે છે. મોટાભાગના નિષ્ણાતોએ આજની પોલિસી સમીક્ષાને લઇને અનિચ્છા અથવા તો નિરાશા વ્યક્ત કરી હતી. રેટ રિએક્શનને લઇને અર્થશાસ્ત્રીઓ ઉદાસીન દેખાયા હતા. એસએલઆરમાં ફેરફાર કરશે તેવી ગણતરી હતી પરંતુ વ્યાજદરમાં ઘટાડો કરાશે તેમ પણ માનવામાં આવી રહ્યું હતું. કેટલાક લોકોનું કહેવું છે કે, પોલિસી સમીક્ષા અપેક્ષા મુજબ રહી છે. ૫૦ બેઝિક પોઇન્ટનો ઘટાડો એસએલઆરમાં સિમ્બોલિક છે પરંતુ હકારાત્મક હિલચાલ છે તેવો મત કેઆર ચોક્સી સિક્યુરિટીના મેનેજિંગ ડિરેક્ટર દેવેન ચોક્સીએ વ્યક્ત કર્યો છે.

બીજી બાજુ ભારતીય એક્સા લાઇટ ઇન્સ્યોરન્સના અધિકારી સંદીપ નંદાનું કહેવું છે કે, રેટમાં કાપની કોઇને અપેક્ષા ન હતી. બજેટ પહેલા ગણતરી ઓછી હતી. નોમુરાના અર્થશાસ્ત્રી સોનલ વર્માનું કહેવું છે કે, એપ્રિલની પોલિસીમાં વધુ ૨૫ બેઝિક પોઇન્ટનો ઘટાડો કરવામાં આવી શકે છે. એચએસબીસીના મુખ્ય અર્થશાસ્ત્રી પ્રંજુલ ભંડારીએ કહ્યું છે કે, બજારની અપેક્ષા મુજબ આજે કોઇ કાપ મુકાયો નથી. જો કે, આજે લેવાયેલા પગલા ખાનગી સેક્ટરની બેંકો માટે સારા છે.

## ભારતીય લોકો માટે યુએઈ એવિએશન હબ તરીકે રહ્યું


નવી દિલ્હી,તા. ૩

યુનાઈટેડ અરબ અમિરાત વર્ષ ૨૦૧૪માં ભારતીય લોકો માટે એવિએશન હબ તરીકે ઉભરી આવતા આને લઈને ભારે ચર્ચા રહી છે. દુબઈ સ્થિત બે એરલાઈન્સ ફુલ સર્વિસ અમિરાત અને લો કોસ્ટ ફ્લાય દુબઈ દ્વારા એર ઈન્ડિયાની જેમ વધારે પ્રવાસીઓને ભારતની અંદર અને બહાર લાવવામાં ભૂમિકા અદા કરી છે. ભારતના નેશનલ કેરિયર એર ઈન્ડિયા દ્વારા દુબઈની એરલાઈન્સ કરતા માત્ર ૨૯૯૬ વધુ યાત્રીઓને પહોંચાડ્યા છે. વર્ષ ૨૦૧૪ માટેના આંકડા ડિરેકટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન દ્વારા જારી કરવામાંઆવ્યા છે. જે દર્શાવે છે કે યુએઈની ત્રણ એરલાઈન્સ અમિરાત, અબુ ધાબી સ્થિત ઈતિહાદ અને ફ્લાય દુબઈએ વધુ લોકોને પ્રવાસ કરાયા છે. ટોપ ટેન એરલાઈન્સની વાત કરવામાં આવે તો જેટ પ્રથમ ક્રમાંકે છે. એર ઈન્ડિયા બીજા ક્રમાંકે છે. સિંગાપોર એરલાઈન્સ યાદીમાં દસમાં ક્રમાંકે છે. વર્ષ ૨૦૧૪માં ભારતની અંદર અને ભારતથી બહાર ગયેલા પ્રવાસીઓની સંખ્યા ૪.૩ કરોડ રહી હતી.

# મહારાષ્ટ્રમાં દુષ્કાળ : ૯૦ લાખ ખેડુત મુશ્કેલીમાં

મુંબઈ,તા. ૩

મહારાષ્ટ્રમાં દુષ્કાળની ગંભીર સ્થિતી પ્રવર્તી રહી છે. દુષ્કાળના કારણે હજુ સુધી ૯૦ લાખ ખેડુતોને પ્રતિકુળ અસર થઈ છે. હવે મોદી સરકાર પાસેથી જંગી પેકેજની માંગ પણ કરવામાં આવી છે. નવેસરના આંકડા મુજબ મહારાષ્ટ્રમાં કુલ ખેડુતોની સંખ્યા ૧.૩૭ કરોડની આસપાસ છે. જે પૈકી ૯૦ લાખ ખેડુતો દુષ્કાળના સંકજામાં આવી ગયા છે. સ્થિતી ગંભીર બન્યા બાદ હવે રાજ્યના કૃષિ પ્રધાન એકનાથ ખડસેએ કેન્દ્રિય કૃષિ પ્રધાન રાધા મોહનસિંહ સાથે વાતચીત કરી છે. તેમજ સ્થિતીથી તેમને વાકેફ કર્યા છે. નવા મહારાષ્ટ્ર સદનમાં આ અંગેની માહિતી આપતા તેમણે કહ્યું હતું કે રાજ્યમાં વિદર્ભ અને મરાઠવાડામાં ખેડુતોની હાલત કફોડી બનેલી છે. ખરિફ પાકને વ્યાપક નુકસાન થયું છે. હવે કેન્દ્રિય ટીમ શુક્રવારે રાજ્યના અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેશે અને ત્યારબાદ સ્થિતીની સમીક્ષા કરશે. સ્થિતીની સમીક્ષા કરાયા બાદ પેકેજની



જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ઉચ્ચ સ્તરીય ટીમમાં વરિષ્ઠ સભ્યો રહેશે. વિદર્ભને ખેડુતોની આત્મહત્યા માટે પણ ઓળખવામાં આવે છે. અહીં મોટી સંખ્યામાં ખેડુતો આત્મહત્યા કરી ચુક્યા છે. શુક્રવારે ટીમ પરિસ્થિતીની સમીક્ષા કર્યા બાદ રાજ્ય સરકાર સાથે પણ વાતચીત કરશે. પાકને ભારે નુકસાન થતા પહેલાથી જ મુશ્કેલીમાં મુકાયેલા ખેડુતો સામે નવી સમસ્યા ઉભી થઈ છે. જંગી વિસ્તારમાં પાકને નુકસાન થયું છે. જેની સીધી અસર મહારાષ્ટ્રમાં ચીજવસ્તુઓના ભાવ પર થવાના સંકેત પણ દેખાઈ રહ્યા છે. જો કે સરકાર સ્થિતી પર બાજ નજર રાખી રહી છે.આવનાર દિવસોમાં સ્થિતી હળવી કરવા પ્રયાસ કરાશે. રાજ્યના રાહત અને પુનઃવસવાટ સેક્રેટરી કેએચ ગોવિંદરાજે કહ્યું છે કે, રાજ્યમાં ખેડૂતો ખુબ જ મુશ્કેલીમાં છે. રાજ્ય સરકારે હજુ સુધી બે હજાર કરોડ રૂપિયાની જાહેરાત કરી છે. ૪૮૦૦ કરોડ રૂપિયાની માંગ કેન્દ્ર પાસે કરવામાં આવી છે.

## ભારતીય રેલવે દ્વારા કેશ ઓન ડિલિવરી મોડની શરૂઆત કરાઈ

નવી દિલ્હી,તા. ૩

રેલવે યાત્રીઓને વધુને વધુ સુવિધા મળે તેવા પ્રયાસ થઈ રહ્યા છે. જેના ભાગરુપે હવે ટ્રેનની ટિકિટ ઓનલાઈન બુક કરાવી શકાશે પરંતુ ડિલિવરી ઉપર જ નાણાંની ચુકવણી લોકો કરી શકશે. સુઝ અને હેર ડ્રાયરની જેમ જ હવે ટ્રેનની ટિકિટ પણ લોકોના ઘરે પહોંચશે. કેશ ઓન ડિલિવરી મોડના આધાર પર તમામ પ્રક્રિયા આગળ વધી રહી છે. ભારતીય રેલવેના ઈતિહાસમાં પ્રથમ વખત ભારતીય રેલવે કેટરિંગ એન્ડ ટ્યુરિઝમ કોર્પોરેશન (આઈઆરસીટીસી) ઓન લાઈન ખરીદવામાં આવેલી ટિકિટ માટે કેશ ઓન ડિલિવરી વિકલ્પ આપશે. આ સેવાનો હેતુ એવા કસ્ટમરોને આકર્ષિત કરવાનો રહેશે જે લોકો તેમના બેંક ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરવામાં ખચકાટ અનુભવ કરે છે. સાથે સાથે એવા લોકોને પણ ટાર્ગેટ કરવાનો છે જે લોકો પાસે નેટ બેંકિંગ સુવિધા અથવા તો કોઈપણ પ્રકારના બેંક ખાતા અથવા તો કાર્ડ નથી. એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, કોઈપણ રેલવે યાત્રી ઓનલાઈન ટિકિટ બુક કરાવી શકશે અને ટિકિટની ડિલિવરીના સમયે જ નાણાં ચુકવી શકશે. આ સ્કીમ પાયલોટ આધાર પર શરૂ કરવામાં આવી છે. શરૂઆતમાં ૨૦૦થી વધુ શહેરોમાં આ સેવા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. પ્રવાસના પાંચ દિવસ પહેલા ટિકિટ બુકિંગ કરાવી શકાશે. ટિકિટ કાઉન્ટરોથી દૂર રહીને પણ લોકો તેમની ટિકિટ બુક કરાવી શકશે. ડિલિવરી ચાર્જ આઈઆરસીટીસી આઈ ટિકિટ સમાન રહેશે. દરેક સ્લીપર ક્લાસ ટિકિટની ડિલિવરી માટે ચાર્જ રૂપિયા ૪૦ રહેશે જ્યારે એસી ક્લાસ ટિકિટ માટે ચાર્જ ૬૦ રૂપિયા રહેશે.



## વર્ષ ૨૦૧૫માં ઘઉંનું રેકોર્ડ ઉત્પાદન થવાની સંભાવના

નવીદિલ્હી,તા. ૩

ભારતમાં આ વર્ષે ઘઉંનું બમ્પર ઉત્પાદન થવાના સંકેત દેખાઈ રહ્યા છે. સતત આઠમાં વર્ષે ઘઉંનું રેકોર્ડ ઉત્પાદન થઈ શકે છે જેના પરિણામ સ્વરુપે સરકારને નિકાસની મંજુરી આપવાની સારી સ્થિતિ સર્જાઈ શકે છે. પ્લાન્ટિંગ સિઝનની ધીમીગતિએ શરૂઆત થયા બાદથી સ્થિતિ ઝડપથી સુધરી છે. સરકાર હવે ખેડૂતો પાસેથી નવી સિઝનના ઘઉંની ખરીદી કરશે. હવે સ્થિતિ સુધરી રહી છે. સંકેત દર્શાવી રહ્યા છે કે, ગયા વર્ષની જેમ જ આ વર્ષે પણ રેકોર્ડ ઉત્પાદન થઈ શકે છે. સરકારી ડિરેક્ટોરેટ ઓફ વિટ રિચર્સના વડા ઈન્દુ શર્માએ કહ્યું છે કે, ફેબ્રુઆરી અને માર્ચ મહિનામાં તાપમાનમાં કોઈ અચાનક વધારા માટે નજર રાખી રહ્યા છે. ભારતીય ખેડૂતો એક વર્ષમાં માત્ર એક ઘઉંનો પાક કરે છે. ઓક્ટોબર મહિનામાં આની શરૂઆત થાય છે અને એપ્રિલમાં કાપણી થાય છે. ઘઉંનું ઉત્પાદન રેકોર્ડ ઉંચી સપાટી ઉપર પહોંચી શકે છે. અગાઉના વર્ષની સરખામણીમાં ત્રણ ટકા ઓછા વિસ્તારમાં વાવણી થઈ છે છતાં ઉત્પાદન રેકોર્ડ ઉંચી સપાટી ઉપર પહોંચે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. ફાર્મ કમિશનર જેએસ સંધુએ કહ્યું છે કે, વિસ્તારોમાં ઘટાડો ખુબ નજીવો છે અને રેંજની અંદર છે પરંતુ વૈજ્ઞાનિક ટેકનોલોજીના ઉપયોગ અને અન્ય સાનુકુળ સંજોગોના લીધે ભારતમાં વર્ષ ૨૦૧૫માં ઘઉંનું બમ્પર પાક થાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે.

### યોગ્ય નોકરી નહી મળતા એન્જિનિયરોમાં નિરાશા

# ભારતમાં લાખો એન્જિનિયર હજુ પણ સંઘર્ષ કરી રહ્યા છે

નવી દિલ્હી,તા. ૩

ભારતમાં લાખો એન્જિનિયરો ખૂબ જ પડકારરૂપ બનેલા બજારમાં યોગ્ય નોકરી મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. અથવા તો બેરોજગારીનો સામનો કરી રહ્યા છે. ભારતની એન્જીનીયરીંગ કોલેજોમાંથી ગ્રેજ્યુએટ થયેલા લાખો વિદ્યાર્થીઓ પૈકીના મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ મુશ્કેરરૂપ સ્થિતિનો સામનો કરી રહ્યા છે જ્યારે કેટલાકને તેમની ટેકનીકલ લાયકાત કરતા ઓછા સ્તરે નોકરી કરવાની ફરજ પડી રહી છે. આવનાર સમયમાં પણ આવી જ સ્થિતિ રહેનાર છે. ભારતના ખૂબ જ ભરચક રહેલા ટેકનીકલ ટેલેન્ટ પુર માટે ખૂબ ઓછી રોજગારીની તકો હવે ઊભી થનાર છે. ભારતના એન્જીનીયરો ઊભરતા બજારમાં મુશ્કેલી અનુભવી રહ્યા છે. ઘણા બધા અંદાજો મુજબ ભારત ૧.૫ મિલિયન એન્જીનીયરોને તાલીમ આપે છે. આ સંખ્યા અમેરિકા અને ચીનના સંયુક્ત આંકડા કરતા પણ વધારે છે. જો કે બે ચાવીરૂપ ઈન્ડસ્ટ્રીમાં અત્યારે સ્થિતિ વિકટ બનેલી છે. ઈન્ફરમેશન ટેકલોનોજી અને મેન્યુફેક્ચરીંગના ક્ષેત્રમાં ભરતીની પ્રક્રિયા ધીમી દેખાઈ રહી છે. ભારતના આઈટી ક્ષેત્રમાં એન્જીનીયરોની સંખ્યા વધારે છે. આ વર્ષે ઓછી ભરતી કરવાના સંકેત મળી રહ્યા છે. માત્ર આઈટી ઈન્ડસ્ટ્રી જ નહીં બલ્કે મેન્યુરફેક્ચરીંગમાં પણ આવી જ હાલત છે. એચઆર કન્સલ્ટન અને કુશળ મૂલ્યાંકન કંપનીઓના અધિકારીઓનું કહેવું છે કે ભારતમાં ટેકનીકલ એજ્યુકેશન માટે હજુ નવા પગલાંની જરૂર છે. રોજગારીનું ચિત્ર હાલમાં નબળું ઉપસી રહ્યું છે. ૨૦૧૨-૧૩માં આઈઆઈટી મુંબઈમાં કુલ ૧૫૦૧ વિદ્યાર્થીઓ પ્લેસમેન્ટની પ્રક્રિયા મારફતે નીકળ્યા હતા. જે પૈકી ૧૦૦૫ને જ જગ્યા મળી હતી. ૨૦૧૧-૧૨માં પણ આવી જ સ્થિતિ રહી હતી.

## અભૂતપૂર્વ સલામતી વચ્ચે નરેન્દ્ર મોદીની થયેલી રેલી

નવી દિલ્હી,તા. ૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઝંઝાવતી ચૂંટણી પ્રચારનો દોર જારી રાખ્યો છે. આવતીકાલે પણ મોદી પ્રચારનો દોર જારી રાખે તેવી શક્યતા છે. નરેન્દ્ર મોદી આવતીકાલે દક્ષિણ દિલ્હીમાં રેલી યોજનાર છે. દિલ્હી ચૂંટણીમાં આતંકવાદી હુમલો થઈ શકે છે તેવી ઈન્ટેલીજન્સ બાતમી બાદ અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા આજની રેલી માટે રાખવામાં આવી હતી. સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપના અધિકારીઓ સહિત ૫૦૦૦થી વધુ સુરક્ષા જવાન આજે તૈનાત કરાયા હતા. વડાપ્રધાનની સુરક્ષા માટે આ જવાનો તૈનાત રહ્યા હતા. રેલી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તમામ પગલા લેવાયા હતા.

એસપીજી અને દિલ્હી પોલીસ નરેન્દ્ર મોદીના રેલી સ્થળ ઉપર તૈનાત રહી હતી. દિલ્હી પોલીસના અધિકારીના જણાવ્યા મુજબ સ્થળ ઉપર દરેક વિઝિટર માટે ત્રિસ્તરીય સુરક્ષા ચકસણીની પ્રક્રિયા ગોઠવવામાં આવી છે. ગ્રાઉડથી ૫૦ મિટરના અંતરે સ્થિત વિસ્તારમાં પ્રથમ ચકાસણી જ્યારે બીજી અને ત્રીજી ચકાસણી દરેક પોઈન્ટ ઉપર કરાઈ હતી. મેન્યુઅલ ચકાસણી ઉપરાંત હાથથી અને મેટલ ડિટેક્ટર દ્વારા પણ ચકાસણી કરાઈ હતી.

આ ઉપરાંત મેટલ ડિટેક્ટર્સ વાળા દરવાજા પણ ગોઠવવામાં આવ્યા હતા.

### આઇએસઆઇ પણ સરહદે સક્રિય હોવાના હેવાલ

# નેપાળ : મુસ્લિમ કટ્ટરપંથી શખ્સોની સંખ્યા સતત વધી

નવી દિલ્હી,તા. ૩

ભારત પર હુમલા કરવા માટે નેપાળ સરહદનો ઉપયોગ કરવાની ત્રાસવાદીઓની હિલચાલ ચાલી રહી છે. કારણ કે મુસ્લિમોમાં કટ્ટરપંથીઓની સંખ્યામાં વધારો થઇ રહ્યો છે. સાથે સાથે સરહદી વિસ્તારો હવે જેહાદી પ્રવૃતિઓ માટે અડ્ડા તરીકે ઉભરી રહ્યા છે. આઇએસઆઇ દ્વારા પણ તેની ગતિવિધી વધારી દેવામાં આવી છે. નેપાળના વડાપ્રધાન સુશીલ કોઇરાલા અને ગૃહ પ્રધાન બામદેવ ગૌતમ સમક્ષ આ મુજબની રજૂઆત કરવામાં આવી છે. આ વિસ્તારોમાં કેટલાક ચોક્કસ વિસ્તારો પાકિસ્તાનની આઇએસઆઇ અને જેહાદી માટે મુખ્ય કેન્દ્ર તરીકે છે. ભારત સામે પોતાની ગતિવિધીઓનો ઉપયોગ કરવા માટે નેપાળના સરહદી વિસ્તારોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. સરહદી વિસ્તારોમાં ધાર્મિક કટ્ટરવાદમાં વધારો થયો છે જે ચિંતાજનક બાબત છે. ઇન્ટેલિજન્સ સંસ્થાઓ છેલ્લા થોડાક વર્ષથી સતત ચેતવણી આપી રહી છે કે ભારત સાથેની તેની સરહદ પર મોટા પાયે ખતરનાક પ્રવૃતિ ચાલી રહી છે. મદરેસામા પણ સક્રિય થયેલા છે. ભારત વિરોધી પ્રવૃતિ માટે આ તમામ વિસ્તારો કેન્દ્ર તરીકે ઉભરી રહ્યા છે. એવા અહેવાલ પણ મળ્યા છે કે ભારતમાં અનેક હુમલામાં સામેલ ઇન્ડિયન મુઝાહીદીન દ્વારા મોટા પાયે ભરતી કરવામાં આવી રહી છે. નેપાળમાંથી ગયા વર્ષે ધરપકડ કરવામાં આવેલા ખતરનાક યાસિન ભટ્ટકલ સામે દાખલ કરવામાં આવેલ એનઆઇએની ચાર્જશીટમાં કહેવામાં આવ્યું છે કે તે પોતે પણ નેપાળમાં કેટલાક મુસ્લિમો સાથે સપર્કમાં હતો. ભારતમાં ઓપરેશન માટે કેટલાક યુવાનોની ભરતીની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી હતી. નેપાળ સરકારે સહકાર કરવાની પુરતી ખાતરી આપી છે.

## સમાચાર ઝલક

- રાજકોટમાં મેડીકલ વિદ્યાર્થીઓને પોલીસે માર મારતા હડતાળ પર.
- અમદાવાદમાં ચીની તુક્કલથી આગના બનાવો બનતાં હાઈકોર્ટમાં રીટ દાખલ થઈ.
- ઔડા ડેપ્યુટી ઈજનેર પાસેથી બેનામી કરોડોની મિલકત મળી.
- આકાશવાણી પર હવે મુખ્યપ્રધાનો સાથે 'દિલ કી બાત' પ્રસારિત થશે.
- ફિલ્મ અભિનેત્રી પ્રિયંકા ચોપરા નિર્મિત 'મેડમજી'ને મોળો પ્રતિસાદ સાંપડયો.
- સંસદ પર ફરી આતંકી હુમલાની શંકાથી તંત્ર સચેત બન્યું.
- દિલ્હીમાં ધોળે દિવસે પેટ્રોલ પંપ પર લુંટ ચલાવાઈ.
- મહાપુનમે શ્રધ્ધાળુઓએ ગંગા-યમુના-નર્મદામાં સ્નાનની ડુબકી મારી.
- બ્રાઝીલમાં સૌંદર્ય સામ્રાજ્ઞીની સ્પર્ધામાં મારામારી થઈ.
- ગીરમાં ટુરીઝમની નવી સાઈટથી સિંહ વસાહતોને નુકશાન.